**આદિજાતિ વિસ્તારની ૨૫ આશ્રમશાળાઓમાં**

**ધોરણ-૮ના વર્ગની મંજુરી આપવા બાબત**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: અમશ/૧૦૨૦૧૬/૧૦૬૦/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૦૯/૨૦૧૬

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૩/ઘ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૩/ઘ

(૩) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૭/૦૯/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ આવિ /આશા /૦૨ /ફા.નં.૧૭૪૦/૨૦૧૬/૧૭૩૪

**<u>પ્રસ્તાવના</u> :-**

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ રાજ્યમાં કુલ ૪૫૨ આશ્રમશાળાઓ ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચલાવવામાં આવે છે. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અંતર્ગત અંતરીયાળ વિસ્તારની આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવાની જોગવાઇ થયેલ છે. જે અન્વયે ઉક્ત ક્રમઃ (૧) આગળના ઠરાવથી ૬૨ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગની તથા ક્રમઃ (૨) આગળના ઠરાવથી અંતરીયાળ વિસ્તારમાં આવેલી ૩૬૫ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગની મંજુરી આપેલ છે આમ, કુલ ૪૫૨ આશ્રમશાળાઓ પૈકી કુલ-૪૨૭ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગની મંજુરી આપેલ છે.

આદિજાતિ વિસ્તારના અંતરીયાળ વિસ્તારમાં વસતા બાળકો અભ્યાસ કરતા હોઇ, બાકીની આશ્રમશાળાઓમાં પણ ધોરણ-૮ની મંજુરી આપવામાં આવે તો આદિજાતિ બાળકોનો ડ્રોપ આઉટ રેશીયો ઘટી શકે તેમ હોઇ બાકી રહેતી કુલ ૨૫ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગની મંજુરી આપવાની

દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૩) થી કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવ્યા મુજબની કુલ ૨૫ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવા મંજુરી નીચે દર્શાવેલ શરતોને આધીન આપવામાં આવે છે.

| ક્રમ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ અને ગામ/તાલુકો/જિલ્લો | આશ્રમશાળાનું નામ અને ગામ/તાલુકો/જિલ્લો |
|---|---|---|
| ૧ | ભરૂચ જિલ્લા ગ્રામ વિકાસ મંડળ રાજપીપળા તા.નાંદોદ જિ.નર્મદા | આશ્રમશાળા સુંદરપુરા તા.નાંદોદ જિ.નર્મદા |
| ૨ | કસ્તુરબા સેવા શ્રમ મરોલી જલાલપોર જી.નવસારી | આશ્રમશાળા ચાસવડ તા.નેત્રંગ જિ.નર્મદા |
| ૩ | શાંતિનિકેતન ટ્રસ્ટ ભરૂચ જિ.ભરૂચ | આશ્રમશાળા ગંગાપુર તા.ડેડીયાપાડા જિ.નર્મદા |
| ૪ | શકિત મંડળ ભરૂચ જિ.ભરૂચ | આશ્રમશાળા કાંટીપાડા તા.ઝગડીયા જિ.નર્મદા |
| ૫. | ભરૂચ જિલ્લા મહાત્મા ગાંધી પ્રાગતિક મંડળ ઉમલ્લા જિ.ભરૂચ | આશ્રમશાળા હરીપુરા તા.ઝગડીયા જિ.નર્મદા |
| ૬. | ભરૂચ જિલ્લા રચનાત્મક ટ્રસ્ટ સામરપાડા તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા નેત્રંગ તા.નેત્રંગ જિ.નર્મદા |
| ૭. | ઇનરેકા સંસ્થાન ડેડીયાપાડા તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા ટીબાપાડા તા.ડેડીયાપાડા જિ.નર્મદા |
| ૮. | ઇનરેકા સંસ્થાન ડેડીયાપાડા તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા પણગામ તા.ડેડીયાપાડા જિ.નર્મદા |
| ૯. | સ્વામિ દયાનંદ સાંસ્કૃતિક અને શૈક્ષણીક કેંદ્ર માંગરોલ તા.ગ્રૂડેશ્વર | આશ્રમશાળા ગરૂડેશ્વર તા.ગરૂડેશ્વર જિ.નર્મદા |
| ૧૦. | રાજપીપળા વિભાગ ખાદી ગ્રામોધોગ સંઘ રાજપીપલા જિ.નર્મદા | આશ્રમશાળા જેતપોર તા.નાંદોદ જિ.નર્મદા |
| ૧૧. | ભરૂચ જિલ્લા ગિરિજન શિક્ષણ પ્રગતિ મંડળ તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા ખોખરાઉમર તા.ડેડીયાપાડા જિ.નર્મદા |
| ૧૨. | ભરૂચ જિલ્લા ગિરિજન શિક્ષણ પ્રગતિ મંડળ તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા નિંઘટ તા.ડેડીયાપાડા જિ.નર્મદા |

| | | |
|---|---|---|
| ૧૩. | ભરૂચ જિલ્લા ગિરિજન શિક્ષણ પ્રગતિ મંડળ તા.ડેડીયાપાડા જિ.નર્મદા | આશ્રમશાળા ચોપડવાવ તા.સાગબારા જિ.નર્મદા |
| ૧૪. | શ્રી અંબિકા વિભાગ ગ્રામ વિકાસ ટ્રસ્ટ પાઠકવાડી તા.ડોલવણ જિ.તાપી | આશ્રમશાળા પાઠકવાડી તા.ડોલવણ જિ.તાપી |
| ૧૫. | વ્યારા તાલુકા દક્ષિણ વિભાગ વાંકલા તા.ડોલવણ જિ.તાપી | આશ્રમશાળા વાંકલા તા.ડોલવણ જિ.તાપી |
| ૧૬. | ગ્રામ સેવા સમાજ વ્યારા જિ.તાપી | આશ્રમશાળા ગડત તા.ડોલવણ જિ.તાપી |
| ૧૭. | માનવ કલ્યાણ ટ્રસ્ટ બુહારી તા.વાલોડ જિ.તાપી | આશ્રમશાળા વિરપોર તા.વાલોડ જિ.તાપી |
| ૧૮. | જાગ્રુતિ સેવા સમાજ ગડત તા.વ્યારા જિ.તાપી | આશ્રમશાળા જેસીંગપુરા તા.વ્યારા જિ.તાપી |
| ૧૯ | પૂર્ણાકાંઠા શ્રમજીવી રચનાત્મક ટ્રસ્ટ વ્યારા જિ.તાપી | આશ્રમશાળા પોખરણ તા.સોનગઢ જિ.તાપી |
| ૨૦. | નેસુ સેવા આશ્રમ કરોડ તા.ઉચ્છલ જિ.તાપી | આશ્રમશાળા પાટીબંધારા તા.ઉચ્છલ જિ.તાપી |
| ૨૧. | પશ્ચિમ પ્રદેશ ભીલ સેવા મંડળ નંદુરબાર | આશ્રમશાળા ભડભુંજા તા.ઉચ્છલ જિ.તાપી |
| ૨૨. | ઉકાઇ નવનિર્માણ સમિતિ સોનગઢ જિ.તાપી | આશ્રમશાળા આમકુટી તા.ઉચ્છલ જિ.તાપી |
| ૨૩. | નેસુ સેવા આશ્રમ કરોડ તા.ઉચ્છલ જિ.તાપી | આશ્રમશાળા ખોડદા તા.નિઝર જિ.તાપી |
| ૨૪. | આદિવાસી સેવા સમાજ છોટાઉદેપુર તા.જિ.છોટાઉદેપુર | આશ્રમશાળા તેજગઢ તા.જિ.છોટાઉદેપુર |
| ૨૫. | આદિવાસી સેવા સમાજ છોટાઉદેપુર તા.જિ.છોટાઉદેપુર | આશ્રમશાળા હમીરપુરા તા.કંવાટજિ.છોટાઉદેપુર |

**શરતો:-**

(૧) આ અંગે ચાલુ વર્ષ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ ૨૦૧૬-૧૭ના વર્ષમાં પ્રવર્તમાન નિયમો અનુસાર નિભાવ ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

(૨) ૨૦૧૭-૧૮ના વર્ષમાં વર્ગદીઠ એક શિક્ષક મુજબ જરૂરી જગ્યા ઉભી કરવા માટે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ નવી સેવાની દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(3) આ અંગે ચાલુ વર્ષના અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ પૂરક માંગણી વખતે સુધારેલા અંદાજોમાં કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જરૂરી રકમની પૂરક માંગણી રજુ કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૪/૦૯/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), નાયબ સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

---

- પત્ર દ્વારા

D:\gh-3-\GH-2\RITABEN\Noting\AMS-2016-1060-GH.docx